**દિવાની પરચું અરજી નં.–૧૭૪/૨૦૧૬**
**આંકઃ–૧ નુ સાંધણ**
**તા.૩૦/૦૫/૨૦૨૬**

**–// આંક–૧ લગત હુકમ //–**

(૧) અરજદારે રે.દિ.મુ.નં.૧૧૭/૨૦૧૩ અને રે.દિ.મુ.નં.૧૧૮/ ૨૦૧૩ ના દાવાના કામે પ્રિન્સીપાલ સીવીલ જજ, કડી નાઓએ તા.૧૪/૦૩/ ૨૦૧૬ ના રોજ સંયુકત જજમેન્ટ આપેલુ છે અને તે હુકમ તથા હુકમનામાથી નારાજ થઇ હાલની અપીલ વિલંબ દરગુજરની અરજી સાથે દાખલ કરેલ છે, જેની વિગત ધ્યાને લીધી.

(૨) આ કામે સદરહું વિલંબ દરગુજરતની અરજીના કામે નોટિસની બજવણી કરવા માટે પ્રયત્ન કરવામાં આવેલ અને તે નોટિસની બજવણી દરેક પક્ષકારોને થાય ત્યાં સુધીમાં કેટલાક પક્ષકારો અરજીની ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન અવસાન પામેલા છે. જેથી તેઓને દુર કરવામાં આવેલા છે તેમજ કેટલાક પક્ષકારોના વારસદારોને રેકર્ડ ઉપર લાવવામાં આવેલા છે. તે પૈકીના વારસદારો પણ અવસાન પામેલા છે. જેથી તે બાબત પણ ધ્યાને લેવા પાત્ર થાય છે.

(૩) વધુમાં આ કામે જે પક્ષકારોને નોટિસની બજવણી કરવામાં આવેલ છે. તેઓએ હાજર થઇ વિલંબ દરગુજરની અરજી સામે જવાબ/વાંધો રજુ કરેલ નથી.

(૪) આ કામે હાલના અરજદાર તર્ફે વિ.વ.શ્રીની લંબાણપૂર્વકની

મૌખિક દલીલો સાંભળી. તેઓની દલીલોનો ટુંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ કિસ્સામાં અપીલ દાખલ કરવા માટે ૩ માસ અને ૨૩ દિવસનો વિલંબ થયેલો છે અને આ વિલંબ દરગુજર કરવાની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ધણો લાંબો સમય ગયેલ છે. આ વિલંબ દરગુજર કરી શકાય તેવો છે તે રીતની રજુઆત કરી વિલંબ દરગુજરની અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૫) આ કામે હાલના અરજદારે તા.૦૩/૦૯/૨૦૧૬ ના રોજ હાલની આ વિલંબ દરગુજરની અરજી ગુજારેલી છે અને તે સંજોગોમાં લગભગ ૧૦ વર્ષ જેવો સમય આ વિલંબ દરગુજરની અરજીને સાંભળીને ગુણદોષ ઉપર નિર્ણય કરવામાં લાગેલો છે. આ અરજીમાં પેરા−૧૨ માં અરજદારે ૩ માસ અને ૨૩ દિવસનો વિલંબ થયેલો છે તે વિલંબ દરગુજર કરવા માટેની દાદની માંગણી કરેલ છે. આમ, ૩ માસ અને ૨૩ દિવસનો વિલંબ દરગુજર કરવો કે કેમ? તેનો નિર્ણય કરવા માટે લગભગ ૧૦ વર્ષ જેટલો સમય થયેલો હોય તેવુ રેકર્ડ ઉપર સ્પષ્ટ થાય છે. આવા સંજોગોમાં મુળ તકરારી વિષય વસ્તુનો ગુણદોષ ઉપર નિર્ણય થાય અને વ્યથિત પક્ષકારોને તકરારી હુકમ પડકારવા માટેની પુરતી તક મળી રહે તે બાબત સવિશેષ ધ્યાને લેવા પાત્ર થાય છે. વધુમાં આ અરજીની કાર્યવાહી દરમ્યાન ધણા બધા પક્ષકારો અવસાન પામેલા છે. આવા સંજોગોમાં જે વ્યકિતઓ ન્યાય મેળવવા માટે અદાલતમાં આવેલા છે અને રે.દિ.મુ.નં.૧૧૭/૨૦૧૩ અને રે.દિ.મુ.નં. ૧૧૮/૨૦૧૩ ના દાવાના સંયુકત જજમેન્ટને અપીલ કરી તે હુકમને પડકારેલો છે તો તે હુકમના ગુણદોષ ઉપર પડકારવા માટેની અરજદારને પુરતી તક મળે તો તે ન્યાયના હિતમાં ઉચિત હોવાનું જણાય છે. વધુમાં આ વિલંબ દરગુજર કરી શકાય તેવો હોવાનું અત્રેની અદાલતનું શુધ્ધબુધ્ધિપૂર્વકનું માનવુ છે. આવા સંજોગોમાં આ તમામ

બાબતો ધ્યાને લેતાં અરજદારની હાલની વિલંબ દરગુજરની અરજી ઉદાર વલણ રાખી વિલંબ દરગુજરની ચર્ચા કર્યા સિવાય મંજુર કરવી જોઇએ તેમ માની નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

**-// <u>હુકમ</u> //-**

આથી અરજદારની હાલની વિલંબ દરગુજરની અરજી મંજુર કરવામાં આવે છે.

આથી રે.દિ.મુ.નં.૧૧૭/૨૦૧૩ તથા રે.દિ.મુ.નં.૧૧૮/ ૨૦૧૩ ના દાવાના કામે કડીના પ્રિન્સીપાલ સીવીલ જજ, નાઓનો હુકમ તથા હુકમનામાને પડકારવા માટે જે કોઇ વિલંબ થયેલો છે તે વિલંબ દરગુજર કરી અપીલ રજીસ્ટરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

આ હુકમ આજરોજ તા.૩૦ માહે-મે, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૩૦/૦૫/૨૦૨૬ (એમ.એફ. ખત્રી)

સ્થળ: મહેસાણા. બીજા એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ જજ,

મહેસાણા,

જીજે૦૦૬૯૧